સફાઈ કામદારોના પુનઃસ્થાપન માટે સ્વચ્છતા બજારો (સેનેટરી માર્ટ) ઉભા કરવાની યોજના ના અમલીકરણ બાબત.......

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ- પરચ/૧૦૨૦૦૦/ભા.સ.-૫૦/૫,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧/૦૯/૨૦૦૩.

વંચાણમાં લીધોઃ-

૧.શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગર, ના તા.૨૨/૮/૨૦૦૦ ના પરિપત્ર ક્રમાંકઃ- પરચ/૧૦૨૦૦૦/લા.સ.-૫૦/૫,

૨.ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ ગાંધીનગર ના તા.૨૫/૭/૨૦૦૩ ના પત્ર ન.સકાવિનિ/સે.માર્ટ/૨૦૦૩-૦૪/૨૧૪૬ થી ૫૦

સુધારો :-

સફાઈ કામદારોના પુનઃસ્થાપન માટે સ્વચ્છતા બજારો (સેનેટરી માર્ટ) યોજના નુ અમલીકરણ વિભાગ ના સંદર્ભ(૧) ના પરિપત્ર થી તેમાં જણાવ્યા મુજબ ની કાર્યવાહી તમામ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગરપાલિકાઓને હાથ ધરવા જણાવેલ હતુ. તેમ છતાં આ બાબતે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ ગાંધીનગર એ સંદર્ભ (૨)ના પત્ર થી રજુઆત કરીને જણાવેલ હતુ કે નગરપાલિકા નિયામકશ્રી તરફ થી ફકત ૧૨ નગરપાલિકાઓ ને જ પસંદ કરવામાં આવેલ હોઈ, રાજય ની અન્ય નગરપાલિકાઓ ને આ યોજના નો લાભ મળે તે માટે સરકારશ્રીમાં રજુઆત કરતા સરકારશ્રી એ પુખ્ત વિચારણા ને અંતે ઠરાવેલ છે કે આ વિભાગ ના સંદર્ભ(૧) નાં પરિપત્ર ના પારા (૨) "આથી રદ કરવામાં આવે છે. અને તેના બદલે નીચે જણાવેલ પારા-૨ ઉમેરવામાં આવે છે." (૨)મહાનગરપાલિકા અગર નગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા બજાર શરૂ કરનાર લાભાર્થી એકમ ઉત્પાદન કેન્દ્ર પણ શરૂ કરવા માંગતુ હોય તો તેને ૭૫૦૦ ચોરસ ફૂટ જેટલી જમીન પ્રાપ્ત કરી આપવી. ઉપરાંત સ્વૈચ્છીક સંસ્થા પાસે સ્વચ્છતા વિષયક માલસામાન પ્રદર્શિત કરવા દુકાન અગર નગરથી નજીક જમીન ફાળવવી. ઉત્પાદન કેન્દ્ર અને દુકાન માટે આ જમીન માસિક રૂ.૫૦૦ થી વધે નહી તેટલા ટોકન દરે ફાળવવી. "વાંચવો.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.જી.પટેલ)
સેકશનઅધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ

પ્રતિ,
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અમદાવાદ,વડોદરા,સુરત,રાજકોટ,જામનગર,ભાવનગર,
- અગ્રસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.